**મે. અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી**

**ડી.એચ. ખંભાતી સાહેબ સમક્ષ મુ.અમદાવાદ.**

**રેફરન્સ (ટી) કેસ નં. ૩૧૮/ ૨૦૧૯**

**આંક-૦૩**

**પ્રથમ પક્ષકાર :-** **ફેનોક્ષ કન્સ્ટ્રકશન ટેકનોલોજી,**
ઠે.પ્લોટ નં-૩૦, અમદાવાદ વિરમગામ હાઈવે,
જી.અમદાવાદ.

**-: વિરૂધ્ધ :-**

**બીજા પક્ષકાર :-** **શ્રી કેતનભાઈ શંકરભાઈ રોજાસરા,**
ઠે. ૨૫૯, મોટા પસ્કોટા, હરબજીભાઈનો ખાંચો,
વિરમગામ,જી.અમદાવાદ.

.......................................................................................

**પ્રતિનિધીઓ:-**

પ્રથમ પક્ષકાર તરફે :- પ્રથમ પક્ષકાર સંસ્થા ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે :- શ્રી એમ.કે.કાઝી.

.......................................................................................

**- : : એવોર્ડ : : -**

**૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૧૯/૧૧/૨૦૧૯ ના હુકમ ક્રમાંક: કેએચ - એસએચ - ૩૬૭- આઈડીએ/૧૦૭૨-૪૬૧૮(iii)જેએચ થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ, ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના વખતોવખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.**

૨) આ કેસમાં હવે પછી સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સામાવાળા તરીકે તથા બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

૩) સદર કામમાં અરજદારના વિ.પ્રતિ.શ્રી એમ.કે.કાઝીએ આંક–૦૨ થી રજુ કરેલ વિડ્રો પુરસીસથી જાહેર કરેલ છે કે, અરજદારને નોટિસ બજેલ હોવા છતાં હાજર રહેતા ન હોઈ અને સામાવાળાને નોટિસ બજેલ ન હોઈ અરજદારના હકકોને બાધ ન આવે તે રીતે સદર કેસ પાછો કેસ પરત ખેંચવાની પરવાનગી આપી કેસ ફેંસલ કરવા જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, અરજદારની આંક–૦૩ ની વિડ્રો પુરસીસના કથનો લક્ષમાં લઈ નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવેલ છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

૧) હાલનો રેફરન્સ કેસ આ કામે આંક–૦૨ થી રજુ વિડ્રો પુરસીસ મુજબ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.** **( દિપક હસમુખભાઈ ખંભાતી )**

**તા.૦૮/૦૨/૨૦૨૦.** **પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત , અમદાવાદ**
**(જી.જે.૦૦૮૬૬)**

**એચ.એન.પટેલ. પી.એ.**